**<u>ક્રિમીનલ અપીલ નંબરઃ- ૭૧/૨૦૨૨.</u>**

**// આંક – ૪ ની અરજી લગત હુકમ //**

(૦૧) વિવાદી/મુળ આરોપીઓ તરફે રજુ થયેલ આંક – ૪ ની અરજી વંચાણે લીધી તથા વિવાદી/મુળ આરોપીઓના વિ. વકીલશ્રીને સાંભળ્યા.

(૦૨) આ કામે વિવાદી તે મુળ આરોપીઓ વિરૂદ્ધ મુળ ફરીયાદી અનિરૂદ્ધસિંહ ખાનજી દ્વારા ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવેલ અને સદર ફરીયાદ અન્વયે તપાસ કરનારે તપાસ કરી, તપાસના અંતે ચાણસ્માના વિ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ અને તે ચાણસ્માના વિ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં. ૪૫૧/૨૦૧૬ થી રજીસ્ટરે લેવાયેલ.

(૨.૧) ત્યારબાદ ક્રિમીનલ કેસ નં. ૪૫૧/૨૦૧૬ ગુણદોષ ઉપર ચાલી જતાં ચાણસ્માના વિ. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીએ ટ્રાયલ ચલાવી, બંને પક્ષકારોને સાંભળી તા.૨૭/૦૯/૨૦૨૨ ના રોજ આંક – ૫૭ થી જજમેન્ટ જાહેર કરી હાલના વિવાદી તે મુળ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૮(૨) અન્વયે ઈ. પી. કોડની કલમ – ૩૨૪, ૧૧૪ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપીને ૨(બે) વર્ષની સખત કેદની સજા અને રૂ.૨,૫૦૦/- ના દંડનો હુકમ કરેલ અને દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ દિન – ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ હતો. વિવાદી/મુળ આરોપીઓએ ઉપરોક્ત હુકમથી નારાજ થઈ હાલની અપીલ કરેલ છે.

(૦૩) મુળ આરોપીએ અપીલના કામે હાલની અરજી આપી જણાવેલ છે કે, નીચેની કોર્ટે બે વર્ષની સખત કેદની સજા અને દંડનો હુકમ કરેલ છે. સદર અપીલનો નિર્ણય થતા ઘણો સમય લાગે તેમ છે. નીચેની કોર્ટે તેઓને અપીલ સમય સુધીના જામીન ઉપર મુક્ત કરેલ છે. સદર અપીલ ચાલવામાં સમય જાય તેમ હોઈ સદર અપીલ ચાલે ત્યાં સુધી નીચેની કોર્ટે કરેલ સજાનો હુકમ સ્ટે કરી, વિવાદી/મુળ આરોપીઓને અપીલ પુરી થાય ત્યાં સુધી જામીન ઉપર મુક્ત કરવા જણાવેલ છે.

(૩.૧) વિવાદી/મુળ આરોપીઓએ નીચેની અદાલતમાં ક્રિમીનલ કેસ નં. ૪૫૧/૨૦૧૬ ના કામે આંક – ૫૮ થી સજાનો હુકમ સ્ટે કરવા અરજી આપેલ હતી, નીચેની કોર્ટને વિવાદી/મુળ આરોપીઓની સદર અરજી મંજુર કરેલ અને વિવાદી/મુળ આરોપીઓને અપીલ સમય સુધી તેઓનો હુકમ સ્ટે કરી જામીન ઉપર મુક્ત કરેલ છે.

(૦૪) ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં વિવાદી/આરોપીઓએ તેઓને ક્રિમીનલ કેસ નં.૪૫૧/૨૦૧૬ ના કામે ટ્રાયલ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ સજા અંગેનો તા.૨૭/૦૯/૨૦૨૨ ના રોજનો તકરારી હુકમ હાલની ક્રિમીનલ અપીલ નં. ૭૧/૨૦૨૨ દાખલ કરી પડકારેલ છે. આ કામે નીચેની કોર્ટ સમક્ષના કેસની હકીકત ધ્યાને લેતાં વિવાદી/મુળ આરોપીઓ સામે ઈ. પી. કોડની કલમ – ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ નો કેસ હતો. નીચેની કોર્ટે વિવાદી/મુળ આરોપીઓને ઈ. પી. કોડની કલમ – ૩૨૪, ૧૧૪ ના ગુનામાં તકસીરવાન ઠરાવેલ છે. સદર અપીલનો ગુણદોષ ઉપર નિકાલ થતા સમય લાગે તેમ છે અને ત્યાં સુધી આરોપીઓને કસ્ટડીમાં રાખવાનું વ્યાજબી જણાતું નથી. જેથી ઉપરોક્ત સમગ્ર હકીકત ધ્યાને લેતાં આ અદાલતે માત્ર ટેકનીકલ નહીં બનતાં, વિવાદી/મુળ આરોપીઓને ટ્રાયલ કોર્ટે સજા અંગેનો ફરમાવેલ હુકમનો અમલ મોકુફ રાખી અપીલ ચાલતાં દરમ્યાન તેઓને જામીન ઉપર મુક્ત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત હોવાના તારણ ઉપર આ અદાલત આવે છે. જેથી વિવાદી/મુળ આરોપીઓની આંક – ૪ ની અરજી શરતોને આધીન મંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) આ કામના વિવાદી/મુળ આરોપીઓની હાલની આંક – ૪ ની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) વિવાદી/મુળ આરોપી નં.(૧) વાઘેલા મુનાજી નટાજી, (૨) વાઘેલા નટાજી અમુજી, તમામ રહે. કંબોઈ, તા. ચાણસ્મા, જી. પાટણવાળા પ્રત્યેકને રૂ.૧૫,૦૦૦/–( અંકે રૂપિયા પંદર હજાર પુરા ) ના સદ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને ક્રિમીનલ કેસ નં.

૪૫૧/૨૦૧૬ ના કામે ચાણસ્માના વિ. જ્યુડી. મેજીસ્ટ્રેસ્ટ ફર્સ્ટ ક્લાસશ્રીએ તા.૨૭/૦૯/૨૦૨૨ ના રોજ આંક – ૫૭ નું જજમેન્ટ જાહેર કરી સજા અંગેના ફરમાવેલ હુકમનો અમલ મોકુફ રાખી ક્રિમીનલ અપીલ નં. ૭૧/૨૦૨૨ ના આખરી નિકાલ દરમ્યાન તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર કસ્ટડી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**// શરતો //**

(૧) વિવાદી/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ પોતાનો પાસપોર્ટ નીચેની અદાલત સમક્ષ જમા કરાવવો, વિકલ્પે તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

(૨) વિવાદી/આરોપીઓએ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૩) વિવાદી/આરોપીઓએ અપીલના કામે નિયમીત કોર્ટમાં હાજર રહેવું.

(૪) વિવાદી/આરોપીઓએ પોતાનું કાયમી સરનામું તથા જો મોબાઈલ ફોન ધરાવતા હોય તો મોબાઈલ ફોનનો નંબર રજુ કરવો અને તે અદાલતની પુર્વ પરવાનગી વગર બદલવો નહીં. વિવાદી/આરોપીઓએ રજુ કરેલ સરનામું આ અપીલની ટ્રાયલ દરમ્યાન તેમનું કાયમી સરનામું ગણાશે.

– ***વિવાદી/આરોપીઓએ જામીન નીચેની અદાલતમાં આપવા.***

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૧/૧૦/૨૦૨૨.

પાટણ.

**( નિલેશ શનાભાઈ પ્રજાપતિ )**
સેશન્સ જજ,
**પાટણ.**
( **Judge U.I.Code No. GJ** 00443 )

( **BKP** )